

# માનેલી બહેનોનાં માનીતાં રાખી-બંધન

**ઈતિહાસ અને પુરાણોમાં રક્ષા બંધનનો મહિમા અનેરો છે. સાહિત્ય અને ફિલ્મોનાં પણ આ પર્વને વિશિષ્ઠ સ્થાન મળ્યું છે, પરંતુ ભાઈ-બહેનનો લોહીનો સંબંધ નહીં ધરાવતી બે વ્યક્તિ વચ્ચેનો રક્ષા બંધનનો સંબંધ કેવા કેવા વળાંકો સર્જે છે?**

**દર્શના વોરા**

'તને દુનિયા આખી કોકિલકંઠી કહે છે ને, આજે હું તને પંચમ સૂરે ગાતી કોયલની એક અદ્‌ભુત નોન-વેજ ડીશ ખવડાવું' ભાઈએ બહેનને કહ્યું. પરંતુ આ શબ્દો સાંભળતાં બહેનના ચહેરા પર પથરાયેલી આઘાતની કાલિમા જોઈને ભાઈ ડઘાઈ ગયો. જગપ્રસિદ્ધ બહેનની લાગણી સમજીને ભાઈએ ઘરમાં રંધાયેલી કોયલની ડીશ ફેંકી દીધી એટલું જ નહીં હંમેશ માટે માંસાહાર છોડી દેવાનું વચન પણ બહેનને આપી દીધું. આ સત્ય કિસ્સો છે સ્વરકિન્નરી લતા મંગેશકર અને એના માનેલા ભાઈ શિવાજી ગણેશનનો. સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં દીદી (મોટી બહેન)ના માનભર્યા સંબોધનથી જાણીતી લતા છેલ્લાં ત્રીસેક વરસથી દિલીપકુમારના કાંડે પણ રાખડી બાંધે છે. પરંતુ શિવાજી ગણેશન-લતા અને દિલીપ ત્રણે રક્ષાબંધનના આ પર્વને અત્યંત અંગત માને છે એટલે તેમની રાખડી બંધાવતી તસવીર તમને ક્યાંય જોવા નહીં મળે.

શ્રાવણી પૂનમ એટલે બળેવ. કાચા સૂતરના તાંતણે બહેન ભાઈને બાંધી લે. સામા પક્ષે ભાઈ બહેનની રક્ષા કરવાનું મૌન વચન આપે. હજારો વરસથી આ પર્વ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું બંધન ગણાતું આવ્યું છે. આ પ્રસંગે કેટલાય અજનબીઓને આત્મીય બનાવી દીધા છે. સગાં મા-જણ્યાં ભાઈબહેન કરતાં આવા પરાયા સાથેના સંબંધો વધુ મજબૂત પુરવાર થયા છે. મુંબઈના ઘાટકોપર ઉપનગરમાં રહેતાં ઉષાબહેન ખાટડિયાનો માનેલો ભાઈ એવા જ સંબંધના બંધનમાં સહર્ષ જકડાઈ રહ્યો છે. બાવન વર્ષનાં ઉષાબહેનને પાંચ સગા ભાઈઓ છે જે કામધંધા અર્થે અન્યત્ર વસે છે. થોડાં વરસ પહેલાં ઉષાબહેન ભાંડુપ રહેતાં. પાડોશમાં રહેતી એક ગૃહિણીનું માંદગીને કારણે અવસાન થયું. એનો ૧૨ વરસનો પુત્ર મહેશ નમાયો થઈ ગયો. ઉષાબહેનનું વાત્સલ્ય એ મા વગરના બાળક પર વરસવા લાગ્યું. પોતાના પુત્ર જેવડા એ છોકરાને ઉષાબહેને ભાઈ બનાવી દીધો. એ ઘણીવાર પોતાના મનની હૈયાવરાળ આ નાનકડા ભાઈ પાસે વ્યક્ત કરતાં. આજે ૨૦ વરસ પછી મહેશ



દુનિયાભરમાં ભાઈઓ ધરાવતી તબસ્સુમ અને જગત આખામાં બહેનો ધરાવતા સંગીતકાર કલ્યાણજીભાઈની ગણના ફિલ્મ જગતમાં વિશિષ્ઠ ભાઈ-બહેન તરીકે થાય છે.



ઉષાબહેનના માજણ્યા ભાઈ કરતાં ય અદકેરો થઈ પડ્યો છે. ઉષાબહેનનાં બાળકો પણ મહેશમામાના લાડકા છે.

મૂળ તો માણસ માત્ર સ્નેહભૂખ્યો હોય છે. પાડોશમાં રહેતા કે સ્કૂલ-કૉલેજમાં સાથે ભણતાં છોકરા-છોકરીઓ ઘણીવાર બીજાનું જોઈને રાખડી બંધાવે છે પરંતુ સમયના વીતવા સાથે આ સ્નેહબંધનની ગાંઠ ઢીલી પણ પડી જાય છે. ૩૩ વરસની જાગૃતિને તો વિચિત્ર લાગે તેવો અનુભવ પણ થયો છે. સગાભાઈ સાથે પંચગની સ્કૂલમાં ભણતા વિધર્મી કિશોરને પણ જાગૃતિ નિયમિત રાખડી બાંધતી. એ વિધર્મી કિશોરને સગી બહેન નથી. બાળપણનું એ સ્નેહબંધન દ્રઢ થતું ગયું પરંતુ યૌવનના પ્રવેશ પછી પેલાના વિચારો બદલાયા. જાગૃતિ પરણ્યા પછી એક દિવસ માનેલા ભાઈનો ફોન આવ્યો: તેં લગ્ન કેમ કર્યાં? હું તને દિલોજાનથી ચાહું છું. લગ્ન કરીને તેં મારી લાગણીને ઠેસ પહોંચાડી છે! આ સાંભળીને જાગૃતિ તો અવાક્ રહી ગઈ. હવે બંને વચ્ચે અબોલા છે. એથી ઊલટું પ્રીતિ અને રૂસ્તમ કોઠારીના જીવનમાં બન્યું છે. બંને કૉલેજમાં સાથે ભણતા: 'સમયના વીતવા સાથે અમે ભાઈ-બહેન જેવો શુદ્ધ પ્રેમ અનુભવવા માંડ્યા. આજે બંનેનો પોતાનો ઘરસંસાર છે છતાં દર વરસે બળેવને દિવસે પ્રીતિ અચૂક મને રાખડી બાંધવા આવે છે.' હીરાના વેપારી અને શૅરબ્રોકર રૂસ્તમભાઈ કહે છે: 'પ્રીતિએ ભણવામાં ધ્યાન આપવાનો આગ્રહ રાખ્યો એટલે જ મારી પાસે આજે ડિગ્રી છે. આજે ય અમે પરસ્પર સુખદુઃખ શૅર કરીએ છીએ.'



રક્ષાબંધનને અત્યંત અંગત પ્રસંગ ગણતા લતા-દિલીપકુમાર પ્રચાર-પ્રસિદ્ધિથી દૂર રહે છે.

ભાઈ-બહેનના સંબંધો અને એ વિશેના વિચારોમાં આજે જો કે ઘણું પરિવર્તન આવી ગયું છે. કૉલેજમાં ભણતા યુવક-યુવતીઓ વધુ વાસ્તવિક બનતા જાય છે. પોદ્દાર કૉલેજમાં ભણતી હેમાલી કહે છે, ભાઈ-બહેન કરતાં ફ્રેન્ડ તરીકેના સંબંધો વધુ આત્મીય બની રહે છે. મારો પોતાનો અનુભવ તમને કહું. કૉલેજમાં ભણતાં ત્યારે અમે વધુ નિખાલસ હતાં પરંતુ હાલ ભોપાલમાં વસતા દીપક ગોકલદાસને મેં રાખીબ્રધર બનાવ્યો ત્યારથી અમારી વચ્ચે થોડી દૂરી આવી ગઈ હોય એવું લાગે છે. પારલાની *મીઠીબાઈ કૉલેજમાં* ભણતા ૨૦ વરસના નિખિલને સગી બહેન નથી પણ મામા-માસી-ફોઈ-કાકાની દીકરી બહેનોની સંખ્યા મોટી છે. 'રાખડીના દિવસે હું લિટરરી ત્રાસી જાઉં છું. બહેનોની આખી ફોજ આવીને મારા કાંડાથી કોણી સુધીનો હાથ રાખડીથી ભરી દે છે. હું મમ્મીને કહું છું પણ ખરો: કાશ, આના કરતાં મને એક જ સગી બહેન હોત!'

નિખિલ જેવો જ અનુભવ ટોચના ફિલ્મ સ્ટાર્સને થતો હોય છે. અમિતાભ બચ્ચનને સગી બહેન નથી પરંતુ બળેવને દિવસે જુહૂ પોસ્ટ ઑફિસના બે ટપાલીઓ કોથળા ભરી ભરીને *પ્રતીક્ષા* બંગલામાં રાખડીનો ખડકલો ઠાલવી જાય છે. સંજય દત્ત અને શાહરૂખ ખાનને ત્યાં પણ એક નાનકડી દુકાન શરૂ કરી શકાય એટલી બધી રાખડી ટપાલમાં આવે છે. અમિતાભ તો અલાહાબાદ વિસ્તારમાં સાંસદ પણ રહી ચૂક્યો છે એટલે ઉત્તર પ્રદેશના ખૂણે ખૂણેથી એને ગ્રામભાષામાં લાંબા લાંબા પત્રો પણ આવે છે. ફિલ્મી દુનિયામાં આવા પવિત્ર સંબંધો સહેલાઈથી બંધાતા નથી પણ એકવાર બંધાય પછી વરસો સુધી ટકે છે. અમિતાભને સુપરસ્ટાર બનાવવામાં નિમિત્ત બનેલી પ્રકાશ મહેરાની ફિલ્મ જંજીર જયાએ મુંહબોલી બહેન તરીકે અમિતાભને અપાવેલી. જંજીર ફિલ્મની ઑફર મૂળ દેવ આનંદને થયેલી પણ નેગેટિવ રોલ અને હીરોના ભાગે એક ગીત નહોતું એટલે દેવ આનંદે ના પાડી દીધેલી. જાની રાજકુમારે પણ ઑફર ઠુકરાવી હતી. એ દિવસોમાં જયાએ પોતાના રાખીભાઈ ફિલ્મ સર્જક પ્રકાશ મહેરાને અમિતાભ અજમાવી જોવાનો આગ્રહ કર્યો. કોઈ શુભ પળે પ્રકાશ મહેરાને એ વાત ગળે ઊતરી. અમિતાભને જંજીરમાં ઇન્સ્પેક્ટર વિજયનું પાત્ર આપ્યું. પછી જે કંઈ બન્યું એ તો ગઈ કાલનો ઈતિહાસ છે. જો કે જયાને રાખીભાઈઓ સાથે બહુ લેણું છે એમ લાગે છે. અત્યારે જયાના ઓર એક રાખીભાઈ ગીતકાર ગુલઝાર અમિતાભના એશિયા ટીવી માટે ઘણું લેખન કાર્ય કરે છે. સદ્ગત સંજીવકુમાર ઉર્ફે હરિભાઈ પણ જયાના રાખીભાઈ હતા. જયાએ એકવાર ઈન્ટરવ્યુમાં કહેલું કે હરિભાઈને રક્ષા બાંધ્યા પછી એની સાથે લવ સીન કરવાનું આકરું થઈ પડે છે. સંજીવનું અકાળે અવસાન થયાની જાણ થતાં જ વિદેશયાત્રા ટૂંકાવીને જયા-અમિતાભ દોડાદોડ મુંબઈ પાછા ફર્યાં હતાં.

ભાઈબહેનના સંબંધોને વર્ણવતી ફિલ્મો અને નાટકો ટિકિટબારી પર ધૂમ મચાવી જાય છે એવો આપણા સૌનો અનુભવ છે પરંતુ વાસ્તવ જીવનમાં આજકાલ જુદો સૂર સાંભળવા મળે છે. બે પુત્રોના પિતા દીપકભાઈ ચોકસી કહે છે કે આ સંબંધ ખૂબ પવિત્ર છે. કાચી વયના અણસમજુ બાળકો આવો સંબંધ બાંધી બેસે અને ભવિષ્યમાં એ સંબંધ બીજું સ્વરૂપ ધારણ કરે તો નકામું પાપમાં પડાય. એના કરતાં સમજણભર્યા સંબંધો બંધાય એ વધુ યોગ્ય ગણાય. દીપકભાઈ એક મિત્રના પરિવારનો દાખલો આપે છે: છોકરાને આપણે દિનેશ કહીશું. એની સ્કૂલમાં છોકરીઓ છોકરાઓને રાખડી બાંધે એવો ફરજિયાત નિયમ હતો. દિનેશ બારમા ધોરણ સુધી એક છોકરી પાસે રાખડી બંધાવતો. પછી બંને હાથમાં હાથ નાખીને ફરતા થયાં અને પાછળથી બંને પરણી ગયાં. આવું બને એ સ્વાભાવિક જણાય છે. સાયનમાં વસતાં બીનાબહેન પણ આવા માનેલા ભાઈબહેનની પ્રથા સ્વીકારતાં નથી. બીનાબહેન કહે છે કે સગવડિયા કે કામચલાઉ ભાઈબહેનના સંબંધો કાયમ ટકતા નથી. એના કરતાં મૈત્રીસંબંધો વધુ યોગ્ય ગણાય.

કેટલીક આધ્યાત્મિક સંસ્થાઓમાં આવા સંબંધો સમયના વીતવા સાથે બદલાઈ જાય એવા બનાવો પણ બન્યા છે. દાદા તરીકે જાણીતા પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાય પરિવારમાં બાળવયે ભાઈબહેનના સંબંધે બંધાયેલા પુખ્તવયે પરણી ગયાના કોઈ કોઈ દાખલા બન્યા છે. તેથી ઊલટું અન્ય એક સંસ્થામાં આજે પણ પતિપત્નીને ભાઈ-બહેન બની રહેવાનું કહેવામાં આવે છે. બોરીવલી પરામાં બે પુત્રોની માતા એક ગૃહિણીએ પતિને ભાઈ કહેવાનો આરંભ કર્યો ત્યાં જ ઘરમાં હોળી સળગી હતી.

વડોદરામાં રહેતા નિખિલ અને મુંબઈમાં રહેતી એની માનેલી બહેન કાનનનો સંબંધ આ સંદર્ભમાં વિશિષ્ટ છે. કાનન નિખિલને રાખીભાઈ તરીકે રક્ષા બાંધતી. સમય જતાં નિખિલના મિત્ર હરીશ સાથે એનું મન મળી ગયું. નિખિલે બહેનને હરીશ સાથે પરણાવી અને આજે બળેવને દિવસે વડોદરામાં

નિખિલને સમયસર રાખડી ન પહોંચે તો તરત થોડી થોડી મિનિટે ફોન કરીને કાનનને ફરિયાદ પણ કરે છે. જો કે કાનને એક રમૂજી વાત કહી: નિખિલને સગી બહેન નથી. હું એકમાત્ર માનેલી બહેન છું છતાં મારે હરીશ સાથે ક્યારેક મતભેદ થાય તો નિખિલ મારો નહીં, એના દોસ્તનો પક્ષ તાણે છે.' બીજીબાજુ કાનનના પિયરપક્ષે કુટુંબ એટલું મોટું છે કે બળેવને દિવસે એક હૉલ ભાડે રાખીને ત્યાં કુટુંબમેળો યોજાય છે અને બધાં કઝીન એકબીજાને રાખડી બાંધે છે.



*સંજીવને રાખીભાઈ બનાવ્યા પછી ઉત્કટ પ્રણયદૃશ્યો આપવામાં બહુ તકલીફ પડતી એવું જયા કહે છે.*

રાખડી બહેન ભાઈને જ બાંધે કે અન્ય કોઈ વ્યક્તિ પણ બાંધી શકે? અમદાવાદની ભાગવત્ વિદ્યાપીઠ તેમ જ સદ્વિચાર પરિવાર તરફથી ઘણા મહાનુભાવોને ટપાલમાં રાખડી અને પછીના વર્ષનું પોકેટ કેલેન્ડર મોકલવામાં આવે છે. સદ્વિચાર પરિવાર તો રીઢા ગુનેગારોથી ઊભરાતી જેલોમાં જઈને આજીવન કેદી કે મોતની સજા પામેલા કેદીને રક્ષા બાંધવાનું પર્વ ગોઠવે છે. થોડાં વરસ પહેલાં બનેલો તિહાર જેલનો કિસ્સો તો દેશભરનાં અખબારોમાં ચમક્યો હતો. તદ્દન અજાણપણે એક ગૃહિણીએ જનમટીપ ભોગવતા કેદીને રાખડી બાંધી. પરસ્પર મોં મીઠાં થયાં. ભાઈ બનેલા કેદીએ બહેનના પરિવારની વિગત પૂછી. બહેને માહિતી આપી એ સાંભળીને પેલો ભાઈ જેલની દીવાલ સાથે માથું અફાળીને કલ્પાંત કરવા લાગ્યો. પોલીસ ઑફિસરો, સમાજસેવકો દોડતા આવ્યા. પોક મૂકીને રડતા કેદીને છાનો રાખીને પૂછ્યું ત્યારે હકીકત જાણવા મળી: જે સ્ત્રીએ કેદીના કાંડે રાખડી બાંધી એનું જ સૌભાગ્ય રોળી નાખવા બદલ પેલો જનમટીપ ભોગવતો હતો. ક્યારેક આવાય અજીબોગરીબ કિસ્સા બની જાય છે.

મહાભારતના બે તદ્દન જુદા પ્રસંગો રક્ષાબંધનના પર્વ વિશે અનેરો પ્રકાશ પાડે છે. પહેલો પ્રસંગ અભિમન્યુનો છે. આપણે ત્યાં આજેય એ પ્રસંગનું લોકગીત જાણીતું છે. *કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે લોલ...* અહીં કુંતામાતા અભિમન્યુનાં દાદીમા છે. દાદીએ લડાઈમાં જતા પૌત્રને રક્ષા બાંધી આપી છે. બીજો પ્રસંગ કૃષ્ણ અને પાંચાલી દ્રૌપદીનો છે. શેરડી છોલતા કૃષ્ણની આંગળીમાં છરી વાગી ગઈ ત્યારે ધડધડાટ વહેતું લોહી બંધ કરવા દ્રૌપદીએ પોતાનું મહામૂલું ચીર ફાડીને કૃષ્ણની આંગળીએ પાટા રૂપે બાંધી આપેલું. દ્રૌપદીએ કૃષ્ણને પોતાનું નવલખું વસ્ત્ર ફાડીને બાંધ્યું એને વિવરણકારો રક્ષાબંધનનું પ્રતીક ગણાવે છે પરંતુ ખુદ વેદ વેદવ્યાસે બંનેને સખા તરીકે વર્ણવ્યા છે. એક કથા મુજબ દેવો અને દાનવો વચ્ચેની લડાઈમાં દેવો સતત માર ખાય છે એટલે દેવોના ગુરુ બૃહસ્પતિ ઈન્દ્રના કાંડે રક્ષાકવચ બાંધી આપે છે જેના પગલે ઈન્દ્ર દાનવોને મહાત કરે છે. બૃહસ્પતિના પ્રતીક સમા કર્મકાંડ બ્રાહ્મણો આજેય પોતાના યજમાનોને કાંડે રાખડી બાંધીને સારી એવી દક્ષિણા મેળવે છે.

રક્ષા કે રાખડી દ્વારા ભાઈ તેની બહેનના શીલ-શિયળનું રક્ષણ કરવાની ખાતરી આપે છે. આ પવિત્ર પરંપરાના ઘણા દાખલા ઈતિહાસમાં પણ મળી આવે છે. જગતને જીતવા નીકળેલા સિકંદરની પત્નીએ મહાપરાક્રમી હિન્દુ રાજવી પોરસના કાંડે રાખડી બાંધીને પતિના રક્ષણનું અભયવચન માગ્યું હતું. મોગલ રાજવી હુમાયુ અને મેવાડની રજપૂતાણી રાણી કર્મવતીની કથા પણ જાણીતી છે. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારમાં આલેખેલી વીર એભલવાળો અને બહેન જાહલની કથા સાંભળતા કઠોર દિલના માણસની આંખમાં પણ આંસુ આવી જાય. પીઢ સંગીતકાર કલ્યાણજીભાઈ પોતાની રમૂજી શૈલીમાં કહે છે કે હવે ઉંમરને કારણે મારી બહેનોની સંખ્યામાં વધારો થતો જાય છે. કલ્યાણજીભાઈની સગી બહેન કેસર કાંદિવલીમાં રહે છે, પરંતુ કલ્યાણજીભાઈની માનેલી બહેનો દુનિયાભરમાં છે અને બળેવને દિવસે ભાઈને પ્રેમથી રાખડી મોકલે છે. કલ્યાણજીભાઈની એવી એક માનેલી બહેન છે તબસ્સુમ. તબસ્સુમ રામાયણના રામ અરુણ ગોવિલના મોટા ભાઈને પરણી છે અને કલ્યાણજીભાઈ ઉપરાંત અમીન સયાની, બપ્પી લાહિરી તથા સુદેશ ભોંસલેને પણ રાખડી બાંધે છે. 'હિન્દુઓ મને દીદી તથા મુસ્લિમો મને આપા કહે છે. બપ્પી સાથે મેં એવો વ્યવહાર રાખ્યો છે કે રાખડી બંધાવે પછી વરસભર એની જેટલી કેસેટ-રેકર્ડ બહાર પડે એ મને મોકલવાની... સુદેશ મારી સાથે બહેનના હક તરીકે રમૂજી ટુચકાની આપ-લે કરે છે. પચીસ વરસ પહેલાં મેં બપ્પીને રાખડી બાંધી એ પછી એની તરક્કી થઈ એમ એ પોતે સ્વીકારે છે.' અમીન સયાની સાથે દૂરદર્શનના *સિબાકા ગીતમાલા*માં પણ તબસ્સુમ દેખાય છે. આમ રાખીભાઈ બનાવવામાં તબસ્સુમની વ્યવહાર સૂઝ દેખાય છે. એના માનેલા ભાઈઓ દુનિયાભરમાં છે. એટલે એના પતિ મિસ્ટર ગોવિલ પણ રમૂજમાં કહે છે: મૈં સારી દુનિયા કા જીજા હું.

જો કે રાજકારણમાં માનેલા ભાઈ-બહેનના કિસ્સા જૂજ જોવા મળે. એક કિસ્સો ગૌપ્રેમી ગીતાબહેન રાંભિયાનો છે. તેમને ભાજપના અશોક ભટ્ટ સાથે ભાઈ જેવો સંબંધ હતો. અશોકભાઈએ તેમને કહેલું કે અડધી રાત્રે મારી જરૂર પડે તો મને બોલાવજે. એક રાત્રે ખરેખર એવી જરૂર પડી. ગેરકાયદેસર ૨૦૦ બળદો કતલખાને જઈ રહ્યાની માહિતી મળતાં ગીતાબહેને પોલીસને જાણ કરી, પરંતુ પોલીસે પગલાં લેવાની તૈયારી દાખવી નહીં. ગીતાબહેને તરત અશોક ભટ્ટને ફોન કર્યો. અશોકભાઈ તરત કાર લઈને દોડતા આવ્યા અને સાથોસાથ પોલીસને પણ લઈ આવ્યા. ગીતબહેનનું કામ થઈ ગયું.

છેલ્લાં થોડાં વરસથી કોમી તંગદિલી માટે વગોવાયેલા અમદાવાદમાં હિન્દી ફિલ્મના સર્જકોનેય હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનનો એક સરસ કિસ્સો નોંધાયો છે. ૧૯૫૮માં એક મુસ્લિમ યુવાન શિરાઝ રંગવાલા ડિપ્લોમા ઈન લેબર વેલફેરનો અભ્યાસ કરતો. રશ્મિ પટેલ નામની સહાધ્યાયી યુવતીએ બળેવના બીજા દિવસે સવારે શિરાઝને પ્રશ્ન પૂછ્યો: કાંડે રાખડી કેમ નથી બાંધી? શિરાઝે જવાબમાં કહ્યું, મારે કોઈ બહેન નથી. તરત રશ્મિએ શિરાઝને રાખડી બાંધી. આજે વરસોનાં વહાણાં વીતી ગયાં. શિરાઝ રંગવાલા અમદાવાદના જાણીતા ધારાશાસ્ત્રી છે. રશ્મિ પરણીને મુંબઈ ગઈ પરંતુ એનું આખું કુટુંબ શિરાઝને રશ્મિનો મોટોભાઈ માને છે. એમ તો રશ્મિને બે સગા ભાઈઓ છે પરંતુ શિરાઝભાઈ મોટાભાઈ તરીકે માન-સ્નેહ પામે છે. યોગાનુયોગે આ શિરાઝ રંગવાલા એટલે સદ્ગત શાયર શેખાદમ આબુવાલાના સગા બનેવી.

ક્યારેક આવો સંબંધ સમયના વીતવા સાથે અલગ સ્વરૂપ ધારણ કરી લે છે. ઉદયપુરની કૃષિ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી પેઈંગ ગેસ્ટ તરીકે કોઈને ત્યાં રહેતો. મકાનમાલિકની મોટી પુત્રી શરૂમાં આ વિદ્યાર્થી વિશેષને રાખડી બાંધતી. ચાર-પાંચ વરસ રાખડીનો આ સંબંધ ચાલ્યા પછી બંને પરણી ગયાં. ધરમની બહેન કાયદેસરની પત્ની બની ગઈ.

અમદાવાદની એક ગૃહિણી મેઘા મહેતા પોતાના પતિનેય રાખડી બાંધે છે. એ કહે છે કે રક્ષાબંધનનો હેતુ ભાઈની રક્ષા થજો એવો હોય તો હું મારા પતિનું સર્વથા રક્ષણ થાય એવા હેતુથી તેને રાખડી બાંધું છું. મારી સગી નણંદ તથા સાસુ પણ આ વાત જાણે છે અને તેમને કોઈ વાંધો નથી. ◆◆

રજૂઆત: **અજિત પોપટ**

પૂરક માહિતી: **મહેશ શાહ** *(અમદાવાદ)*